# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date: 24-03-2025    Day: MONDAY    MORNING: 6.50 TO 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર કલ્પના શાહ વાંચે છે.

---

## PM - લેક્સ ફ્રિડમેન સાથેનીવાતચીત :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની કૃત્રિમ બુદ્ધિમત્તા - AI સંશોધક લેક્સ ફ્રિડમેન સાથેની તાજેતરની વાતચીત હવે અનેક ભાષાઓમાં પોડકાસ્ટ તરીકે ઉપલબ્ધ છે. શ્રી મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે તેમનો ઉદ્દેશ્ય આ વાતચીતને શક્ય તેટલા વ્યાપક શ્રોતાઓ સુધી પહોંચાડવાનો છે.

---------------------------------------------------------------------------------------

## વિદેશ મંત્રી ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવા પર ભાર -:

વિદેશ મંત્રી ડો. એસ. જયશંકરે કહ્યું છે કે ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે અને તેને ઊર્જા ક્ષેત્રે વ્યાપક સંબંધો વિકસાવવાની જરૂર છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આગામી દાયકાઓ માટે ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવી એ ભારતની રાજદ્વારીનો મુખ્ય ઉદ્દેશ્ય છે

મુંબઈમાં એક પત્રકાર પરિષદમાં તેમણે કહ્યું કે વૈશ્વિકરણના અનેક ફાયદાઓ વિશે સાંભળ્યા પછી, આજે વિશ્વભરમાં ઔદ્યોગિક નીતિઓ, નિકાસ નિયંત્રણો અને ટેરિફ પર સ્પર્ધાની વાસ્તવિકતા દરેકની સામે આવી છે. શ્રી જયશંકરે જણાવ્યું હતું કે આગામી દાયકાઓ માટે ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવી એ ભારતની રાજદ્વારીનો મુખ્ય ઉદ્દેશ્ય છે. તેમણે એમ પણ કહ્યું કે સબકા સાથ સબકા વિકાસનો વિચાર આપણી વિદેશ નીતિ સાથે પણ જોડાયેલો છે.

---------------------------------------------------------------------------------------

# ગાંધી વિકાસ ટ્રસ્ટે ગાંધી સંબંધિત વસ્તુઓ અને દસ્તાવેજો સોંપ્યા :

દક્ષિણ આફ્રિકાના ફિનિક્સ સેટલમેન્ટ ટ્રસ્ટ- ગાંધી વિકાસ ટ્રસ્ટે આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય ગાંધી સંગ્રહાલયને મહાત્મા ગાંધી સંબંધિત વસ્તુઓ અને દસ્તાવેજો સોંપ્યા. આ પ્રસંગે વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર ઉપસ્થિત રહ્યા હતા. તેમણે એક સંદેશમાં કહ્યું કે બાપુનું જીવન અને સંદેશ આવનારી પેઢીઓને પ્રેરણા આપતા રહેશે.

સંવાદદાતાના અહેવાલ મુજબ, સોંપવામાં આવેલી વસ્તુઓમાં મહાત્મા ગાંધી દ્વારા વણાયેલા કપડાંનો સમાવેશ થાય છે. મહાત્મા ગાંધી ૧૮૯૩માં દક્ષિણ આફ્રિકા આવ્યા અને લાંબા સમય સુધી ડરબનમાં રહ્યા. તેમણે ૧૯૦૪માં ફિનિક્સ આશ્રમની સ્થાપના કરી.

---

## કેન્દ્ર સરકાર ગુજરાત માંથી ઘઉંની ખરીદીની કરશે :

**કેન્દ્ર સરકાર ગુજરાતમાંથી બે લાખ મેટ્રિક ટન ઘઉંની ખરીદી ટેકાના ભાવે કરશે. આ જાહેરાત ખાદ્ય અને જાહેર વિતરણ વ્યવસ્થાના રાજ્યકક્ષાના મંત્રી નિમુબેન બાંભણિયાએ રાજકોટના પડધરીમાં ઘઉં ખરીદ કેન્દ્રની મુલાકાત દરમ્યાન કરી હતી. આ સાથે તેમણે જણાવ્યું કે કેન્દ્ર સરકારે ટેકાના ભાવે ઘઉં ખરીદીની મુદત વધારીને 5 એપ્રિલ કરી છે. દેશમાં કુલ 38 લાખ મેટ્રિક ટન ઘઉંનું ઉત્પાદન થયું છે. જેમાંથી 12 લાખ મેટ્રિક ટન ઘઉંનો રાશન માટે ઉપયોગ થશે. જેમાંથી કેન્દ્ર સરકાર બે લાખ મેટ્રિક ટન ઘઉંની ખરીદી ટેકાના ભાવે ગુજરાતમાંથી કરશે.ઘઉં ખરીદ્યા બાદ ૪૮ કલાકમાં ખેડૂતોના ખાતામાં પૈસા જમા થઈ જશે, તેવી વ્યવસ્થા કાર્યરત કરવામાં આવી છે.**

---

## રાષ્ટ્રીય સ્વયંસેવક **100** વર્ષ પૂર્ણ થવા પ્રસંગે આઉટરીચ કાર્યક્રમો :

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે આ વર્ષે તેના સ્થાપનાના 100 વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે અનેક આઉટરીચ કાર્યક્રમોનું આયોજન કર્યું છે. સંઘના મહાસચિવ દત્તાત્રેય હોસબોલેએ બેંગલુરુમાં સંઘની અખિલ ભારતીય પ્રતિનિધિ સભાની ત્રણ દિવસીય બેઠક બાદ જણાવ્યું હતું કે આ પ્રસંગે કોઈ ઔપચારિક ઉજવણી થશે નહીં પરંતુ વિજયાદશમી પર અનેક આઉટરીચ કાર્યક્રમો કરવામાં આવશે.

# મુખ્યમંત્રી – ઔધોગિક સંગઠનો વચ્ચે સંવાદ:

ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા સમગ્ર રાજ્યના વિવિધ ઔદ્યોગિક સંગઠનો અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ વચ્ચે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અને રાજ્યના રોકાણ માટે વધુ સાનુકૂળ વાતાવરણ કરવા માટે ગાંધીનગર ખાતે સંવાદનું આયોજન કરાયું હતું.

આ અંતર્ગત ફોકિઆ દ્વારા મુખ્યત્વે જીલ્લાના લેન્ડ રેવન્યુના પ્રશ્નો જેવા કે મ્યુટેશન ઓફ એન્ટ્રીઝ, ઉદ્યોગો માટેની જમીનની ખરીદી, હેતુફેર, જમીન માપણી વધારો, ટ્રસ્ટની માલિકીની જમીનો, જંત્રી દર તર્ક સંગત કરવા અંગે, મીઠા માટેની જમીનો પર કોઈ વેરા ન લેવા અંગે, જમીનને લગતા કાયદાઓમાં સુધારાત્મક ફેરફારો, ગણોત ધારાના કાયદામાં સુધારાત્મક ફેરફારો એનએ પરવાનગીની પ્રક્રિયા ઝડપી બનાવવા તથા સમગ્ર રાજ્યની ત્રીજા ભાગીની માઇનિંગ લીઝ કચ્છમાં હોવાથી, માઈનીંગમાં એન્વાયરમેન્ટ ક્લિયરન્સ(EC) ના મુદ્દે યોગ્ય કરવા અને ખાણ ખનીજ ગતિવિધીને વેગ આપવા રજૂઆત કરાઈ હતી.

આ પ્રસંગે ફોકિઆએ કચ્છના લેન્ડ રેવેન્યુના પ્રશ્નો, રાજયના અન્ય વિસ્તારો કરતા અલગ હોવાથી, તેની વહીવટી રીતે વિશેષ પ્રકારે માવજત લેવામાં આવે તો કચ્છ અને રાજ્યના ઔદ્યોગીકરણને વધુ વેગ મળે તેવું સૂચન કરાયું હતું.

---

# જીલ્લામાં શાંતિ પૂર્ણ રીતે ગુજકેટ યોજાઈ :

રાજયની સરકારી, અનુદાનિત અને ખાનગી કોલેજોમાં એન્જિનિયરિંગ, ફાર્મસી, એગ્રિકલ્ચર અને વેટરિનરીની 1 લાખ 39 હજાર 283 બેઠક પર પ્રવેશ માટે ગઈકાલે ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની GUJCET (ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ)ની પરીક્ષા જીલ્લામાં શાંતિ પૂર્ણ રીતે સંપન્ન થઇ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં એન્જિનિયરિંગની 1 લાખ 27 હજાર 538 જેટલી બેઠકો, ફાર્મસીની 10 હજાર 752 એગ્રિકલ્ચરની 678 અને વેટરિનરીની 315 બેઠક છે.જેના માટે 1 લાખ 29 હજાર 706 વિદ્યાર્થી નોંધાયા હતા.

---